# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન

# આત્માનુભવી જ્ઞાની : હેતુપૂર્વક જન્મે છે. વિભ્રમ જ્ઞાની : સંજોગ અનુસાર બને છે.

## ■ વિભંગ સાર ■

**બાળજીવોને ભયભીત કરીને પોતાનાં આશ્રયે રાખીને ભવમુક્તિ પોતાં થકી મળશે તેવું સ્થાપન કરાવીને ધર્મનાં નામે બાળજીવોને છેતરે છે. અને ''શ્રધ્ધા કર અને સમકિત પામ, અશ્રધ્ધા કરીશ તો સમકિત વમી જશે.'' તેવું કહીને બાળજીવોને ધર્મનાં નામે છેતરે છે. અને બાળજીવો વગર આરાધનાએ મોક્ષપ્રાપ્તી થશે તેવું માનીને લાલચમાં આવીને લોભવૃત્તિથી તેમનું આશ્રયપણું ધારણ કરે છે. ''લોભવૃત્તિ હોય તો તેની સામે ધુતવૃત્તિ આવે જ''. ''વિભંગ જ્ઞાની'' પૂર્વનાં થયેલા આત્માનુભવી જ્ઞાનીનો આધાર લઈને જ્ઞાનીનાં લખાણને પોતાની જ્ઞાન વાણી ગણાવે છે. અને જ્ઞાનીનું બોલેલું બોલે છે, પણ તેમણે કરાવેલું કરાવતાં નથી (કરાવવાની શક્તિ નથી) અને પોતે અને બાળજીવો પાંચ ઈન્દ્રિયોનાં વિષયો, ચાર કષાયો અને રાગ–દ્વેષ અને અજ્ઞાનમાં રાચે છે અને અહંકાર, અભિમાન અને સ્વચ્છંદથી વર્તીને પોતાની જાતને કર્મરહીત ગણાવે છે. આ છે વિભંગ જ્ઞાનીનું સ્વરૂપ અને તે સ્વરૂપ થકી ''વિભંગ જ્ઞાનીને પ્રાપ્ત થતું ફળ''**

**૧. વિભંગ જ્ઞાનીએ માન માટે ધર્મનો આધાર લીધો. (ધર્મ, માન તોડાવવા માટે છે.)**

**૨. વિભંગ જ્ઞાનીએ પોતાને સદ્ગુરૂ સ્થાપીને સદ્ગુરૂનું સ્વરૂપ પોતાનાં જેવું બતાવ્યું. (અજ્ઞાનપણાનું)(સદ્ગુરૂનું સ્વરૂપ પરમાત્મા જેવું ગણાય).**

**૩. અજ્ઞાનને જ્ઞાન ગણાવ્યું. (ભવમુક્તિ અર્થે)(અજ્ઞાનથી અનંત ભવ ભ્રમણ થાય).**

**માટે એમ કહેવાય કે વિભંગ જ્ઞાનીએ શ્રી પરમાત્માનો દ્રોહ, સદ્ગુરૂનો દ્રોહ અને જ્ઞાનનો દ્રોહ કર્યો ગણાય અને તેનાં પરીણામ સ્વરૂપ તે જીવ આ ભવમાં જ વિચારોથી અને દેહની સતત પીડા અનુભવે અને વિભ્રમ જ્ઞાનને કારણે (જ્ઞાનને ભ્રમીત કર્યું માટે) ભ્રમિતપણું પણ પામવાનાં સંજોગ બને.**

### ''જ્ઞાનની આરાધનાએ સંતોષ અને જ્ઞાનની વિરાધનાએ સંતાપ''

# જૈનો જાગો
રમેશ વૈજાણી

**લેખાંક : ૫૦**

જગતમાં કોઈપણ કાળે અને કોઈપણ ક્ષેત્રમાં મોક્ષમાર્ગ એવો નિશ્ચય બોધ કહો કે આત્મધર્મ એવો સિધ્ધાંત બોધ કહો તે પ્રગટ થવાનાં સ્થાનકો કેટલા? જગતમાં જે ક્ષેત્રોમાં મોક્ષ અને મોક્ષમાર્ગી સંપ્રદાયો છે, ત્યા આગળ ચાર પ્રકારની અવસ્થાવાળા મહાત્માઓ (શ્રી પરમાત્માઓ) થકી **આત્માને લાગેલા બંધનોમાંથી મુક્ત થઈને આત્મામાંથી, આત્માનાં ઉપયોગ થકી, અને બીજા આત્માઓ (બાળજીવો) માટે નિકળતું (પ્રકાશતા)**

### * સત્સંગ *

**વિષયો–કષાયો અને રાગ–દ્વેષ સહિતની બુધ્ધિથી વાંચેલું, સાંભળેલું, માર્ગ સબંધી સંગ્રાહેલું જ્ઞાન, એજ વિપર્યાસ બુધ્ધિ વડે પ્રકાશીત થાય છે, ત્યારે તે મોક્ષમાર્ગી જ્ઞાનને, વિભ્રમ–વિભંગ જ્ઞાન કહેવાય છે. જેનાંથી આપનાર અને લેનાર ભ્રમિતપણે, ભવ ભ્રમણમાં ભમે છે. (વિભ્રમ જ્ઞાની એજ અસદ્ગુરૂ).**

**જ્ઞાનને આત્મજ્ઞાન અથવા અનુભવ જ્ઞાન કહેવાય**, જેને આપણે વ્યવહારથી મોક્ષપ્રાપ્તીનું જ્ઞાન કે ભવમુક્તિનું જ્ઞાન અથવા નિશ્ચય બોધ કહીએ છીએ. જગતનાં સર્વ આત્માઓનો સિધ્ધાંત, ગુણ-બંધારણ અને સ્વભાવ (ધર્મ) એક સરખો અને અટલ હોવાથી સર્વ આત્માનુભવીનો આત્માનો અનુભવ અને સર્વ કેવળી ભગવંતોનો કેવળજ્ઞાનનો અનુભવ, કોઈપણ કાળે, કોઈપણ ક્ષેત્રે અને કોઈપણ વેશે અને કોઈપણ વય અવસ્થાએ એક સરખો જ હોય છે, માટે મોક્ષમાર્ગ એવો નિશ્ચય બોધ, સર્વ કાળે એક અને અટલ હોય છે, તેમાં કાળ અને ક્ષેત્રનો કે સંજોગોનો કોઈપણ પ્રકારથી અવરોધ હોતો નથી.

હવે આપણે ચાર પ્રકારની અવસ્થાવાળા ધર્મ પ્રકાશક મહાત્માઓ (શ્રી પરમાત્મા)ની વિચારણા કરીએ.

૧. શ્રી તીર્થંકર પરમાત્માઓ, ૨. શ્રી કેવળી ભગવંત પરમાત્માઓ, ૩. સાતમાં ગુણ સ્થાનકવાળા (એક અવતારી) ધર્માત્માઓ (દ્રવ્યે કેવળી ભગવંત), ૪. છઠ્ઠા ગુણ સ્થાનકવાળા વધીને ૩જા ભવે મોક્ષ પામવાવાળા (સંપ્રદાયનું સ્થાપન કરે છે.)

**૧. શ્રી તીર્થંકર પરમાત્માઓ :** નિયમથી સંસાર ત્યાગીને સાધનાનાં માર્ગે પ્રયાણ કરે છે. શ્રી તીર્થંકર નામકર્મ અને ધર્મ સ્થાપકનું યશ-નામ કર્મને કારણે, પૂર્ણ ત્યાગ અને પૂર્ણ વૈરાગ્ય સહિત પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તીએ કેવલ્ય જ્ઞાનનાં પ્રકાશીતથી ધર્મનું સ્થાપન કરે છે. અને નિર્વાણનાં સમય સુધી જે જ્ઞાન પ્રકાશીત કરે છે, તે આત્મજ્ઞાન એટલે કે નિશ્ચય બોધ દેશના સ્વરૂપથી આપે છે. અને તે જ્ઞાનને ઝીલીને (ધારણ કરીને) શ્રી ગણધર પરમાત્માઓ શાસ્ત્રોની રચનાં કરે છે અને ભાવીનાં બાળજીવોને મોક્ષમાર્ગની યથાર્થ સ્વરૂપનાં આધાર (ખાત્રી) માટેનું કારણ બને છે. (બાળજીવો શાસ્ત્રોનાં કારણે મોક્ષમાર્ગ વિષે છેતરાતાં નથી.) માટે શ્રી તીર્થંકર પરમાત્માઓ બાળજીવો માટે પરોપકારી પરમ ઉપકારી ગણાય છે. અને તે ભાવે અને સમજણે જ શ્રી તીર્થંકર પરમાત્માને પૂજવા અને આરાધવા જોઈએ, તે બાળજીવોનું જીવન ધ્યેય અને શ્રી તીર્થંકર પરમાત્માનું ઉપકારીપણું માન્યું ગણાય. આવું પરમ ઉપકારીપણું વર્તમાન કાળમાં અંતિમ શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન વર્તતું હોવાથી તેમને ઉપકારી ભાવે શ્રધ્ધવા જોઈએ.

**૨. કેવળી ભગવંતો**ને કેવલ્યજ્ઞાન કોઈપણ વેશે અને કોઈપણ વય અવસ્થાએ થાય છે અને તેઓનું જ્ઞાન (આત્મજ્ઞાન) નિશ્ચય બોધ જ હોય છે અને સર્વ કેવળી ભગવંતોનો આત્મબોધ (આત્માનું જ્ઞાન) એક સરખું જ હોય છે.

આપણે ઉપરની અવસ્થાનાં આત્મજ્ઞાન પ્રકાશતાં શ્રી પરમાત્માની જે વિચારણાં કરી તે કેવલ્ય જ્ઞાન, અને શ્રી તીર્થંકર પરમાત્માનો વર્તમાન ક્ષેત્રમાં અને વર્તમાન કાળમાં (પાંચમાં આરામાં) યોગ ન હોવાથી અત્યારનાં બાળજીવો અને પાંચમાં આરાનાં અંત સુધી મોક્ષમાર્ગ ખુલ્લો હોવા છતાં ભાવીનાં બાળજીવોને શ્રી પરમાત્માનો યોગ થવાનો નથી.

**૩. સાતમાં ગુણસ્થાનકવાળા (એક અવતારી) આવતા ભવે મોક્ષગામી :** વર્તમાન ક્ષેત્રમાં, પાંચમાં આરાનાં અંત સુધી શ્રી તીર્થંકર પરમાત્મા શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન જયવંતું વર્તશે અને તે શાસનમાં (જૈન ધર્મનાં સંપ્રદાયમાં) ઘણા એક અવતારી આત્માનુભવી આત્મજ્ઞાનીઓ થશે અને તેમાં પણ મોટા ભાગનાં (વધારે પ્રમાણમાં) શ્રાવક અવસ્થામાં થશે એવું શાસ્ત્રો રચયતાં પરમ પુરૂષોએ શાસ્ત્રોમાં ફરમાવ્યું છે (શ્રી પરમાત્માની દેશના (બોધ) અનુસાર). આવા આત્માનુભવી જ્ઞાની પુરૂષો સંસારી અવસ્થામાં કે ત્યાગીપણાની અવસ્થામાં આત્મામાંથી પ્રકાશતો, આત્માનાં ઉપયોગ થકી પ્રકાશતો અને અન્ય આત્માઓ માટે પ્રકાશાવતો એવો આત્મજ્ઞાનનો બોધ જે નિકળે છે, તેને નિશ્ચય બોધ અથવા મોક્ષમાર્ગનો સિધ્ધાંતસહિતનો સિધ્ધાંત બોધ કહેવાય છે. અને આવા એક અવતારી મહાપુરૂષો સાતમાં ગુણસ્થાનકમાં હોવાથી ગુણ સ્થાનકનાં ગુણો અનુસાર, શુભ અને અશુભ, બંનેનો આરંભ અને પરીગ્રહથી મુક્ત હોવાથી સંપ્રદાયનું સ્થાપન કરતાં નથી, પણ ઘણા જીવોને ભવ મર્યાદાનું સમકિત અને ભાવે માર્ગાનુસારી, મોક્ષમાર્ગનાં અધિકારી અને અલ્પ ભવોમાં મોક્ષાર્થીપણું પ્રાપ્ત થાય, એવા પરિણામો ઘણા ઘણા બાળજીવોને નિશ્ચય બોધનું આરાધન કરાવીને (બાર દોષોનો ક્ષય થાય તેવી રીતનો પુરૂષાર્થ કરાવીને) બાળજીવોની ભવમુક્તિમાં નિમિત્ત કારણ બને છે. અને અનંત ગણું પુણ્ય ઉપાર્જન સહજતાથી (કરે છે) થાય છે. અને તે પુણ્યનું રૂપાંતર યશ નામ કર્મમાં થાય છે (સંસારમાં આસક્તિભાવ અને સુખભાવ ન હોવાથી). અને સાતમાં ગુણ સ્થાનકવાળા આત્માનુભવી જ્ઞાની પુરૂષોનાં ગુણો અને લક્ષણોની વિચારણાં આગળનાં લેખાંકોમાં કરી હોવાથી વિશેષ વિચારણાંની આવશ્યકતા નથી.

### * સત્સંગનું ફળ *

**સુખ બુધ્ધિ, સ્વાર્થ બુધ્ધિ અને માન બુધ્ધિ રહીતની ''નિર્મળ બુધ્ધિ'' કરવા જીવે અજ્ઞાન ટાળીને જ્ઞાનનો શ્રધ્ધા સહિતનો પુરૂષાર્થ કરવાથી નિર્મળ બુધ્ધિ બને છે. ''અને જ્યારે'' આત્માનો ઉપયોગ આત્મા તરફ વાળીને, આત્મામાંથી, આત્માનું જ્ઞાન, અને આત્માઓ માટે પ્રકાશીત કરવા તે આત્માનું જ્ઞાન, નિર્મળ બુધ્ધિ વાટે, બહાર પ્રકાશે છે, તેને આત્માનુભવીનું આત્મજ્ઞાન કહેવાય છે, તેને શાસ્ત્રો સ્વરૂપ સમ્યક જ્ઞાન કહેવાય છે. અનુભવ જ્ઞાની (સદ્ગુરૂ) આત્મામાંથી પ્રકાશેલા આત્મજ્ઞાનને જગતમાં પ્રકાશાવવા સમકિતી દેવ–દેવીઓ સહાય કરે છે.**

**૪. છઠ્ઠા ગુણસ્થાનકવાળા આત્માનુભવી જ્ઞાની પુરૂષો વધીને ત્રીજા ભવે મોક્ષ પામવાવાળા :** જૈન સંપ્રદાયમાં થયેલા છઠ્ઠા ગુણસ્થાનકવાળા આત્માનુભવી આત્મજ્ઞાની મહાપુરૂષોને આત્મસાક્ષાત્કાર થયા પછી સંપ્રદાયનું સ્થાપન કરે છે. અને તે સંપ્રદાયનું સ્થાપન કરવાનું કારણ છઠ્ઠા ગુણસ્થાનકનાં ગુણનાં પ્રભાવે તેવા મહાપુરૂષોનો અશુભનો આરંભ અને પરિગ્રહ છુટી ગયા છે, (ક્ષય થયો છે) પણ શુભનો આરંભ અને પરિગ્રહ હોવાથી અને છઠ્ઠું ગુણસ્થાનક ઉપદેશક (નિશ્ચય બોધનાં બોધક)નું હોવાથી સંપ્રદાય સ્થાપીને આત્મામાંથી પ્રકાશતો આત્મજ્ઞાનનો નિશ્ચય બોધ આપે છે અને બાળજીવોને નિશ્ચય બોધની આરાધનાં પણ કરાવે છે અને ઓછામાં ઓછા બે જીવોને ભવ મર્યાદાનું સમકિત અને ઘણા બાળજીવોને ભાવે માર્ગાનુસારીપણું પ્રાપ્ત કરાવીને ભવ મુક્તિમાં નિમિત્ત કારણ બને છે, અને સહજતાથી પુણ્યનું બળવાન ઉપાર્જન કરે છે. અને તે પુણ્ય યશનામ કર્મમાં રૂપાંતર પામવાથી સરળતાથી સંપ્રદાય ચાલે છે.

આપણે ઉપરનાં લખાણથી આત્મજ્ઞાન એવો નિશ્ચય બોધ કેવી અવસ્થાવાળા (શ્રી પરમાત્મા અને ધર્માત્મા)નાં આત્મામાંથી આત્મજ્ઞાનનો નિશ્ચય બોધ પ્રગટે છે, તેની વિચારણા કરી. આ ચાર પ્રકારથી અલગ કોઈપણ પ્રકારે

**અનુસંધાન સામે પાના નં ૧૫ પર →**

**અનુસંધાન સામેનાં પાના નં ૧૪થી ચાલું**

(છઠ્ઠા ગુણસ્થાનકથી નીચેની અવસ્થામાં) આત્મદર્શન કે આત્માનો અનુભવ કે આત્મસાક્ષાત્કાર થતો નથી માટે છઠ્ઠા ગુણસ્થાનકથી જ આત્મામાંથી આત્માનું જ્ઞાન પ્રકાશીત થાય છે, તેવા ધર્માત્માઓ જ ભવ મર્યાદાનું (વધીને ૧૫માં ભવે મુક્તિવાળું સમકિત) આપી શકે છે. આપણે આગળનાં લેખાંકમાં છઠ્ઠા અને સાતમાં ગુણસ્થાનકવાળા આત્માનુભવીનાં ગુણો અને લક્ષણોની વિચારણાં કરી હતી, છતાં આત્મજ્ઞાનને સમજવા વિશેષ વિચારણા કરીએ.

**''છઠ્ઠા અને સાતમાં ગુણસ્થાનકવાળા આત્માનુભવી જ્ઞાની પુરુષો બનતાં નથી પણ જન્મે છે''.** આત્માનુભવી જ્ઞાની પુરુષો પૂર્વનાં ભવોમાં સદ્‌ગુરૂને આશ્રયે નિશ્ચય બોધને આરાધીને ભવ મર્યાદાનું સમકિત પામીને કષાયોનો ક્ષય (બાર દોષોનો ક્ષય) કરીને ઘણા ઘણા આત્મીક ગુણો પ્રગટાવીને યોગીક શરીર ધારણ કરીને અને ગુણીયલ અને ભદ્રીક અલ્પ ભવી માતાની કુક્ષે અપ્રગટ જ્ઞાની પુરુષ તરીકે જન્મે છે. અને જન્મથી જ લગભગ કષાય રહીતની સ્થિતી હોય છે. અને લૌકિક સ્વરૂપે અજ્ઞાનમાં પણ જ્ઞાન સહિત (આત્માનાં ઉપયોગીપણે) જીવન જીવે છે. અને સંસારી અવસ્થામાં માથે ગુરૂ રાખ્યાં વગર (ગુરૂ રાખવાની જરૂર પણ હોતી નથી) ગુપ્તપણે બાર દોષોનાં ક્ષયનાં પુરૂષાર્થનું પુનરાવર્તન ગુપ્તપણે આરાધે છે. (દેશ-કાળ અનુસાર સાધન અને રીતનો ઉપયોગ લક્ષમાં લેવા માટે) અને જ્યારે આરાધનાની સાધનાં પૂર્ણ થાય છે, આત્માની બંધન અવસ્થાનાં આવરણો તુટે છે (હટે છે) અને જ્યારે **''જગતનું વિસ્મરણ થાય છે, ત્યારે આત્માનું દર્શન થાય છે.''**

આત્માનું દર્શન અને કેવલ્યજ્ઞાનનું પ્રકાશીતપણું કોઈપણ વેશે, ગમે તે વયે, કોઈપણ સમયે અને ગમે તે ક્ષેત્રે થાય છે. આ જ્ઞાનને કોઈપણ પ્રકારનું બંધન નથી, જ્યારે આત્મદર્શન કે આત્માનો અનુભવ કે આત્મસાક્ષાત્કાર થાય છે, ત્યારથી તે જીવાત્મા આત્માનુભવી જ્ઞાની તરીકે અપ્રગટપણામાંથી પ્રગટપણામાં આવે છે. આત્માનો મુખ ગુણ સ્વભાવ મુક્તદશાએ સ્વપ્રકાશીત અને પરપ્રકાશીત અને તે પરપ્રકાશીતપણું તેનું નામ આત્મજ્ઞાન અને એજ આત્મજ્ઞાનનું બીજું નામ મોક્ષમાર્ગી નિશ્ચય બોધ અને તે નિશ્ચય બોધ એજ શાસ્ત્રોમાં આપેલો અને સ્થાપેલો મોક્ષમાર્ગ, તેથી આત્માનુભવી જ્ઞાની પુરૂષોએ શાસ્ત્રો વાંચવાની, જાણવાની કે સાંભળવાની જરૂર નથી છતાં આત્મામાંથી જે બોધ પ્રકાશીત થાય છે, તે શાસ્ત્રોનો ટુંકસાર હોય છે, તેથી એમ કહેવાય કે આત્મસાક્ષાત્કાર પછી આત્માનુભવી જ્ઞાની પુરુષો શાસ્ત્રો અનુભવ્યાં હોય છે, અનુભવમાં હોય છે અને સર્વ સમયે અનુભવતા હોય છે. તેથી મોક્ષમાર્ગ માટે શાસ્ત્રોમાં જણાવ્યું છે કે

**''દેહ અને આત્માની ભિન્નતા જાણવી,**
**દેહ અને આત્માની ભિન્નતા માનવી અને**
**દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી.**
**અને**
**એવા અનુભવીનાં (આત્મસાક્ષાત્કારીનાં) આશ્રયે જઈને તેમની આજ્ઞા એજ ધર્મ અને તેમની આજ્ઞામાં રહેવાનો પુરૂષાર્થ એજ તપ.''**

આ પ્રકારે આત્માનુભવી જ્ઞાની પુરૂષોનાં આત્મામાંથી આત્મજ્ઞાન (નિશ્ચય બોધ) પ્રકાશીત થાય છે. આ જ્ઞાન બુદ્ધિની નિર્મળતાએ, પૂર્ણ આત્મસ્વમાનનાં થકી, પાપ-પુણ્યની પ્રકૃતિનાં ક્ષયે, નિર્ભયતાની પ્રાપ્તીએ, અહિંસક સ્વભાવે અને વિનય-વિવેક અને પૂર્ણ નમ્રતાનાં ગુણે અને બળવાન સત્યની ઝુરણાંનાં પ્રભાવથી, નિષ્કામ કરૂણાં દ્રષ્ટિ અને જગત પ્રત્યે સમભાવની સ્થિતી વિગેરે અનેક ગુણોનાં પ્રગટવાથી આત્મદર્શનથી આત્મજ્ઞાન પ્રકાશીત થાય છે. આ આત્મદર્શન જગતનાં કોઈપણ પદાર્થ થકી નહીં, પણ જીવનાં ઉગ્ર પુરૂષાર્થ થકી અંતરમુખીથી અને આત્માનો ઉપયોગ આત્મામાં વાળવાથી થાય છે. અને તેમાં બુદ્ધિની પૂર્ણ નિર્મળતા જોઈએ.

આ પુરૂષાર્થ કોઈપણ તંત્ર-મંત્ર કે અનુષ્ઠાન કે દેવ-દેવીઓની સાધનાંથી ન થાય. દેવ-દેવીઓની સાધનાં સંજોગ બનાવી શકે, બુદ્ધિની તિક્ષ્ણતાં વધારી આપે, સ્મરણ શક્તિ વધારી આપે, પણ બુદ્ધિની નિર્મળતા જગતની કોઈ શક્તિ કરી ન શકે, તે તો જીવે સમજણપૂર્વક, નિર્મળ બુદ્ધિનાં આશ્રયે જવાથી જ થાય છે. તેથી આત્માનું જ્ઞાન, નિર્મળ બુદ્ધિ વડે પ્રકાશીત થતું હોવાથી આત્માનુભવીનું જ્ઞાન, સમ્યક જ્ઞાન, નિર્મળ જ્ઞાન કહેવાય છે. અને તેથી તેને સરળ શબ્દોમાં સાચા જ્ઞાનીનું સાચું જ્ઞાન કહેવાય છે.

આવા સમ્યક જ્ઞાન પ્રગટાવનાર, પ્રકાશવનાર અને પ્રાપ્ત કરાવનારની આરાધના, શ્રધ્ધા અને અનુમોદનાં એજ જ્ઞાનની બળવાન આરાધનાં ગણાય. અને તેની નિંદા, નિષેધ એજ જ્ઞાનની બળવાન વિરાધનાં. અને વિરાધનાંનું ફળ મિથ્યાત્વનું મિથ્યાત્વથી મિથ્યાત્વનું ગાઢ કરવું.

હવે આપણે સમ્યકજ્ઞાનને અન્ય જીવો વિભ્રમજ્ઞાન

**''જ્ઞાન – એ – જ્ઞાન જ છે''.**
**''જીવ જેવી અવસ્થાએ જ્ઞાન ધારણ કરે છે. ''તે'' અવસ્થા અનુસાર જ્ઞાન તે જીવને ફળ આપે છે''.**

બનાવીને વિભ્રમ જ્ઞાની કેવી રીતે બને છે, તેની વિચારણાં કરીએ. વિભ્રમ જ્ઞાની કે વિભંગ જ્ઞાની લગભગ (સંસારી) શ્રાવકપણાંમાં વધારે બને છે. સાધુ સંપ્રદાયમાં વિભ્રમ જ્ઞાની બનવાની શક્યતા નહીંવત છે અથવા નથી એમ કહીએ તો ચાલે કારણ કે ત્યાં અન્ય શ્રી ધર્માચાર્યો શાસ્ત્રોનાં જાણકાર હોવાથી અને નજીકથી અવલોકન કરી શકતા હોવાથી, ખોટા જ્ઞાની (કહેવાતા જ્ઞાની) બનતાં નથી. જ્યારે સંસારી અવસ્થાનાં વિભ્રમ જ્ઞાનીને કોઈ જાણકાર પૂછવાવાળું હોતું નથી તેથી સંસારીપણામાં વિભ્રમ જ્ઞાની બનવાની શક્યતા વધારે રહે છે. હવે આવા કહેવાતા જ્ઞાની કેવી રીતે બને છે અને શા માટે બને છે, તેની વિચારણાં કરીએ.

## વિભ્રમ - વિભંગ જ્ઞાની

વિભ્રમ જ્ઞાની લગભગ આત્માનુભવી સદ્‌ગુરૂનાં સંપ્રદાયમાં રહેલા હોય, અથવા સદ્‌ગુરૂને મળતું બાળજીવો તરફથી માન, બહુમાન, આદર ભાવ, વંદનીય ભાવ અને શ્રી પરમાત્માની આજ્ઞા જેવી આજ્ઞા ગણીને જીવન જીવતાં બાળજીવોની ભક્તિ જોઈને કોઈ-કોઈ જીવોને સંજોગની અનુકુળતાં, અર્થની અનુકુળતા હોય છે ત્યારે માનવૃત્તિ બળવાન બને છે. ''ધર્મનું માન બહુ મોટું છે.'' અને તેને ટાળવું બાર દોષોવાળા જીવ માટે મુશ્કેલ છે. ત્યારે તેવાં જીવો પૂર્વનાં આત્માનુભવી જ્ઞાની પુરૂષોનાં લખાણોનું વાંચન-મનન કરીને બુદ્ધિની તિક્ષ્ણતાનો ઉપયોગ કરીને પોતાની જાતને બાળજીવો પાસે સદ્‌ગુરૂ સ્થાપીત કરી દે છે અને પછી બાળજીવો પાસે આત્મા-આત્મા કરીને આત્મજ્ઞાની કહેવરાવે છે. અને પૂર્વનાં આત્માનુભવી જ્ઞાનીનાં લખાણમાં શબ્દોનો ફેરફાર કરીને પોતાની નામે લખાણો લખે છે અથવા પુસ્તકો છપાવે છે અને જ્યારે જ્યારે માન અને પ્રચાર કરવાનાં પ્રસંગ આવે ત્યારે પોતાની જાતને જ્ઞાની બતાવવાનું અને ગણાવવાનું ચુકતા નથી. વિભ્રમ જ્ઞાની, સાચા જ્ઞાનને પ્રગટ કરનાર (જાહેર કરનાર) વિષય-કષાયો સહિત હોવાથી જ્ઞાનને દુષીત કરે છે, માટે તેને જ્ઞાનનો જાણકાર હોવા છતાં વૃત્તિથી નબળો હોવાથી જ્ઞાની કહેવાય પણ વિભ્રમ અથવા વિભંગ જ્ઞાની કહેવાય.

હવે આપણે સાચા આત્માનુભવી અને કહેવાતા વિભંગ

**ભ્રમ અને ભાન**
**અહંકાર, અભિમાન અને માન સહિતનું શાસ્ત્રનું જ્ઞાન ડુબવાનું કારણ બને છે. ''અને'' અહંકાર, અભિમાન અને માન રહીત અને નમ્રતા સહિતનું શાસ્ત્રનું અલ્પ જ્ઞાન પણ તરવાનું સાધન બને છે.**

જ્ઞાનીની વિચારણાં કરીએ.

**૧) વિભંગ જ્ઞાની :** મિથ્યાત્વી હોવાથી તેમની વાણી અને લખાણ વિરોધાભાસથી ભરેલું હોય છે.

**૧) આત્માનુભવી :** મિથ્યાત્વ ટળેલું હોવાથી અને આત્માનો ઉપયોગ હોવાથી તેમની વાણીમાં અને લખાણમાં ક્યારેય વિરોધાભાસ ન હોય.

**૨) વિભંગ જ્ઞાની :** અન્ય જ્ઞાનીનાં લખાણોમાંથી બોધ આપે કે વાંચન કરે છે.

**૨) આત્માનુભવી :** સ્વયં મૌલિક બોધ આપે છે.

**૩) વિભંગ જ્ઞાની :** સદ્‌ગુરૂનાં જેવું પૂજન-અર્ચન કરાવે છે. (જ્ઞાની ન હોવા છતાં).

**૩) આત્માનુભવી :** બાળજીવોને ગુણો પ્રગટાવવાની શીખ આપે છે અને જો તેવી લાયકાત આવે તો જ પૂજન સંજોગ અનુસાર કરવા દે છે.

**૪) વિભંગ જ્ઞાની :** બાળજીવોને પોતાનાં આશ્રયે આવવાનું અને પરીણામ લેવાનું કહે છે.

**૪) આત્માનુભવી :** એક સદ્‌ગુરૂને શોધી લે અને તેનાં શરણે રહે તેવી સલાહ આપે છે.

**૫) વિભંગ જ્ઞાની :** આત્માનુભવીનાં ગુણો અને લક્ષણોનું વર્ણન ક્યારેય કરતા નથી.

**૫) આત્માનુભવી :** સદ્‌ગુરૂનાં ૩૬ ગુણોનું અને જ્ઞાનબળ, વિચારબળ અને યોગબળનું વર્ણન કરે છે.

**૬) વિભંગ જ્ઞાની :** સંપ્રદાયનાં વિવાદોનું નિરાકરણ જણાવી શકતા નથી.

**૬) આત્માનુભવી :** સંપ્રદાયનાં વિવાદોનું નિરાકરણ શાસ્ત્રો આધારથી કહી શકે છે અને ઘણાં નિરાકરણો જ્ઞાનબળની લબ્ધીનાં કારણે કરાવી શકે છે.

**૭) વિભંગ જ્ઞાની :** શ્રી પરમાત્માને કે શાસન દેવીને માથે રાખીને વાતો કરી શકતા નથી.

**૭) આત્માનુભવી :** શ્રી પરમાત્માને અને શાસનદેવીને માથે રાખીને વાતો (જ્ઞાન) કહી શકે છે. (સત્યથી, સત્યને જોઈ શકે છે, માટે)

**૮) વિભંગ જ્ઞાની :** નિમિત્તને દોષ દે છે.

**૮) આત્માનુભવી :** ક્યારેય નિમિત્તને દોષ દેતાં નથી (પણ ઈશ્વરઈચ્છા અને ઈશ્વરકૃપા ગણે છે.)

**૯) વિભંગ જ્ઞાની :** અહંકારી, અભિમાની અને બીજાને અપમાનીત કરીને ક્રોધ કરે છે.

**૯) આત્માનુભવી :** અહંકાર રહિત (નમ્રતા સહિત), અભિમાન રહિત (સ્વમાન સહિત) અને બીજાને અપમાનિત કરતા નથી પણ કરૂણાં દ્રષ્ટિ રાખીને યોગ ગર્જનાં કરે છે.

**૧૦) વિભંગ જ્ઞાની :** ની વાણીમાં અને લખાણમાં વારંવાર આત્માની જાગૃતિ અને કર્મ ન બંધાય તેનો ઉપયોગ રાખવાની ચેતવણી રાખવાનું કહેતાં હોય છે. છતાં કહેનાર અને સાંભળનાર આત્મા અને કર્મનું વિસ્મરણ કરે છે. (પ્રતિકુળતામાં)

**૧૦) આત્માનુભવી :** ની વાણીમાં આત્માની અને કર્મની વારંવાર વાર્તા કરતા નથી પણ આત્માનાં સ્થાપન સહિત અને કર્મ રહિત કેમ થવાય તેવું જીવન જીવરાવે છે. [પાંચ ઈન્દ્રિયોમાં ઉદાસીનતા, કષાયોમાં પ્રમાદ, અને રાગ-દ્વેષમાં સમભાવથી રહેવાય અને અજ્ઞાનમાં (સંસારભાવમાં) અભાવ થાય તેવું જીવન બાળજીવોનું બનાવી દે છે.]

**૧૧) વિભંગ જ્ઞાની :** મોક્ષમાર્ગની જાણકારી આપી શકે છે, પણ મોક્ષમાર્ગની સાધના કરાવી શકતાં નથી.

**૧૧) આત્માનુભવી :** મોક્ષમાર્ગની જાણકારી આપીને મોક્ષમાર્ગની સાધનાં કરાવી શકે છે.

**૧૨) વિભંગ જ્ઞાની :** ભવમર્યાદા નથી હોતી. (સમકિત રહિત)

**૧૨) આત્માનુભવી :** ભવમર્યાદા નક્કી થયેલી હોય છે. (છઠ્ઠું ગુણસ્થાનક વધીને ત્રણ ભવની અને સાતમું ગુણસ્થાનક આવતા ભવે મોક્ષ)

**૧૩) વિભંગ જ્ઞાની :** વિપર્યાસ બુધ્ધિથી, બુધ્ધિમાં સંગ્રાહેલું (સ્મરણ) જ્ઞાન હોય છે. (બુધ્ધિપૂર્વકનું, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, બુધ્ધિની મર્યાદા સુધીનું જ્ઞાન).

**૧૩) આત્માનુભવી :** જગતનાં ગમે તેટલા, તંત્ર-મંત્ર, ધ્યાન, યોગ કે અનુષ્ઠાન કરવાથી બુધ્ધિની તિક્ષ્ણતા અને સ્મરણતા વધે છે ''પણ'' નિર્મળ બુધ્ધિ બનતી નથી, નિર્મળ બુધ્ધિ કરવી પડે છે. અને નિર્મળ બુધ્ધિ થયા પછી બુધ્ધિથી પરનું અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પ્રકાશીત થાય છે. (અને બુધ્ધિનાં ક્ષયે કેવલ્ય જ્ઞાન પ્રકાશીત થાય છે.)

ભાવી લેખાંકોમાં યોગે કરીને વિશેષ આત્માનુભવી જ્ઞાન અને વિભ્રમ-વિભંગ જ્ઞાનની વિચારણા કરશું.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.